# સતત ત્રીજા દિવસે ગાંધીનગર હોટેસ્ટ સીટી

## પારો ૪૩.૮ ડી ગ્રી અંગ દઝાડતી ગરમીથી જનજીવન પ્રભાવિત : ભેજના પ્રમાણની વધઘટ સાથે ગરમીથી નગરજનો બેબાકળા : જનજીવન પ્રભાવિત : સાંજે શહેર બનતું આંધીનગર





ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે. ગરમીના પારાની દોટના લીધે ઘણીવાર ગાંધીનગર ગુજરાતમાં સૌથી વધુ ગરમ શહેર તરીકે ઉભરી આવે છે. ગઈકાલે પણ ગરમીનો પારો ૪૩ ડી ગ્રી એ પહોંચી જતા રાજયમાં સૌથી હોટેસ્ટ શહેર બન્યુ હતુ. આજે પણ ગરમીના પ્રમાણમાં સતત વધારો જોવા મળ્યો છે. આજે મહત્તમ તાપમાન ૪૩.૮ ડી ગ્રી રહયુ હતુ. આખો દિવસ આકરા હીટવેવથી નગરજનો પરેશાન રહયા હતા. જયારે કામ સિવાય નાગરિકોએ ઘરની બહાર જવાનુ ટાળ્યુ હતુ. છેલ્લા એક સપ્તાહથી ગરમીનો મિજાજ વધુ ઉગ્ર બનતા નગરજનો અકળાઈ ગયા છે.

ગરમીનો પારો ઉંચે ચઢતા વૈશાખી વાયરાની લું વધુ આકરી બની છે. શહેરમાં ગરમીના તીખા તેવરથી સૌ કોઈ બેચેની અનુભવી રહયુ છે. છેલ્લા એક અઠવાડીયાથી ગરમીએ ગાંધીનગરને બાનમાં લીધુ છે. ગરમીની અસરથી નગરનુ જનજીવન પ્રભાવિત થયુ છે. વેકેશનની સાથે ગરમીની મોસમ પુર બહારમાં નિખરતા નગરમાં બપોરના સમયે સન્નાટો છવાયેલો જોવા મળે છે. ગરમીનો પારો છેલ્લા કેટલાક દિવસથી ૪૦ ડી ગ્રીને પાર રહેતા દિવસનો તાપ આકરો બન્યો છે. આકાશમાંથી વરસતા અંગારાના લીધે

● અનુસંધાન પાન-૭ પર

# જુના સેકટરોના રંગમંચ પાર્ટી પ્લોટની પેટર્ન મુજબ વિકસાવાશે

## સે-૨૦,૨૨,૨૮ અને સે-૨૯,૩૦ ના રંગમંચની કાયાપલટ કરી દેવાશે : સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત લગ્નપ્રસંગના આયોજનને ધ્યાને લઇ તમામ સુવિધાઓ ઉભી કરાશે : રંગમંચોને નિખારવા માટે ૬.૨૫ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં કંગાળ ભાસતા રંગમંચને તોડીને નવા બનાવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. દાયકાઓ જુના પાંચ રંગમંચનો કડુસલો બોલાવી દેવાયો છે. જયારે નવા રંગમંચના નિર્માણ માટેનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. નગરના રંગમંચો માત્ર કલાકારોને સ્ટેજ મળી રહે અને સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિ સંતોષાય તેના પુરતા જ સિમિત ન રહે પરંતુ લગ્નસરાની મોસમમાં પણ તેનો ઉપયોગ થઈ શકે તે માટે પાર્ટી પ્લોટની પેટર્ન મુજબ રંગમંચનુ નિર્માણ કરવામાં આવશે. રંગમંચને જરૂરી સુવિધા સાથે નવોલુક આપવા માટે રૂ ૬.૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આગામી ૬ મહીનામાં જુના સેકટરોમાં સ્થિત તમામ રંગમંચ તૈયાર કરી દેવાશે.



ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી સેકટરની આગવી ઓળખ સમાન ગણાંતા રંગમંચ સમય જતા તદન કંગાળ હાલતમાં જોવા મળી રહયા છે. એક જમાનામાં સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને સંતોષવા ઉપરાંત નવા કલાકારોને સ્ટેજ પુરુ પાડતા રંગમંચો ખંડેર બનતા છેલ્લા કેટલાક સમયથી આ ઠેકાણે અસામાજિક પ્રવૃતિઓ થતી હોવાનો આક્રોશ પણ ઉદભવ્યો હતો. જો કે કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ માર્ગ મકાન વિભાગ દ્વારા સેકટરોના રંગમંચ મહાનગરપાલિકાને સોંપી દેવામાં આવ્યા છે. જયારે દાયકાઓ જુના કંગાળ રંગમંચને સુવિધા સાથે નવો લુક આપવા માટે કોર્પોરેશન દ્વારા કાર્યયોજના તૈયાર કરવામા આવી છે. અગાઉ સે-૧૬ ના રંગમંચની પણ કાયાપલટ કરવામાં આવી હતી. જયારે હવે જુના સેકટરોના અન્ય રંગમંચનુ કામ પણ કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ સે-૨૮, સે-૨૯, સે-૨૦, સે-૩૦ અને સે-૨૨ના રંગમંચને પાર્ટી પ્લોટની ડિઝાઈન મુજબ તૈયાર કરવામાં આવશે. તંત્ર દ્વારા રંગમંચનુ કામ શરૂ કરી દેવાયુ છે. જેમાં સે-૨૮, ૨૯ અને ૩૦ નો રંગમંચ તોડી નાંખવામાં આવ્યો છે. આ ઉપરાંત હાલ સે-૨૦ અને ૨૨ ના રંગમંચને તોડવાનુ કામ ચાલી રહયુ છે. નગરના રંગમંચને પાર્ટી પ્લોટની ગરજ સારે તેવા બનાવાશે. અત્યારસુધી રંગમંચ પર માત્ર સાંસ્કૃતિક કાર્યક્રમો જ થઈ શકે તે મુજબની જ વ્યવસ્થા જોવા મળતી હતી. જયારે સમય જતા રંગમંચ કોઈ કામના રહયા ન હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ હતુ. જો કે રંગમંચના રીનોવેશનની કામગીરી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતમાં રેતી-કાંકરીનો વિવાદ સમેટાયો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં રેતી-કાંકરીની ગ્રાન્ટમાં થયેલા વિવાદ પછી આજે તમામ સભ્યોને સરખે હિસ્સે જ રકમ ફાળવવાનો નિર્ણય કરી વિવાદનો આજે અંત લાવવામાં આવ્યો છે.

જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના નિવાસસ્થાને સભ્યોની મળેલી બેઠકમાં સૌને સમાન ફાળવણીની ફોર્મ્યુલા રજુ કરવામાં આવી હતી. આમ કરવાથી દરેક સભ્યને ભાગે રૂ. ૬૦ લાખના કામો આવશે તેમ જાણવા મળેલ છે.

આજની આ બેઠકમાં સૌને સમાન ફાળવણીની ફોર્મ્યુલાને ગણતરીની મિનિટોમાં જ સ્વીકૃતિ મળતા ચા-પાણી પી અને સભ્યો છુટા પડી ગયા હતા. તેમજ રામાજી ઠાકોરે પણ સભ્યોની લાગણીને બિરદાવી હતી.

તેમણે જણાવ્યુ હતુ કે સંતુલિત વિકાસ અને સર્વસમાવેશક વિકાસ એ જ કોંગ્રેસની ઓળખ છે અને તે વાતને આગળ ધપાવવાની છે જેનો સભ્યોએ સ્વીકાર કર્યો હતો.

આ બેઠકમાં માત્ર ચૂંટાયેલા સભ્યો જ હાજર રહ્યા હતા એમ પણ તેમણે એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ.

# શાળા પ્રવેશોત્સવ સાથે મીની ગુણોત્સવ યોજાશે

## પ્રવેશોત્સવમાં આવનાર અધિકારી પદાધિકારીઓના સ્વાગતની વિધિ નહિ કરવા સહિતની ૩૮ સૂચનાઓ શિક્ષણ વિભાગે જારી કરી : લોક જાગૃતિ પર વિશેષ ભાર મુકાયો

ગાંધીનગર, તા. ૧૯

રાજયમાં આ વખતે પ્રવેશોત્સવની સાથે શૈક્ષણિક મૂલ્યાંકન કરી મીની ગુણોત્સવ કરવામાં આવશે.

રાજ્ય સરકારે ૮ થી ૧૦ જુન ગ્રામ્ય વિસ્તાર માટે અને ૨૧ થી ૨૪ જુન દરમ્યાન શહેરી વિસ્તારમાં શાળા પ્રવેશોત્સવ યોજવાનો નિર્ણય કર્યા બાદ જારી કરેલ સૂચનાઓમાં આ મીની ગુણોત્સવ અંગે ખાસ સૂચનાઓ અલગથી આપવામાં આવી છે.

શિક્ષણ વિભાગે આ મીની ગુણોત્સવમાં બાળકોના શૈક્ષણિક મૂલ્યાંકનમાં છ જેટલા વિદ્યાર્થીઓની પસંદગી કરવી જેમાં બે હોંશિયાર બે મધ્યમ અને બે નબળા વિદ્યાર્થીઓની પસંદગી કરવાની રહેશે તેમ સ્પષ્ટ જણાવ્યુ છે.

પ્રવેશોત્સવ માટે સરકારે જે માપદંડો નિયત કર્યા છે તેને લઈ પણ ચોક્કસ કાળજી લેવા અંગેની પણ

● અનુસંધાન પાન-૭ પર

# મોદીની કચ્છ યાત્રાને પગલે યુવા મોરચાની તૈયારીઓ

## વિવિધ કાર્યક્રમો સાથે નવા વર્લ્ડ રેકોર્ડ પણ સર્જાશે : કચ્છના પ્રખ્યાત ફળોના ૫૧ ફૂટના હારથી મોદીનું સ્વાગત કરાશે

અમદાવાદ, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાત યાત્રાને લઈને તમામ તૈયારીઓ કરવામાં આવી ચુકી છે. આને લઈને એકબાજુ કચ્છ જિલ્લા ભાજપ યુવા મોરચા દ્વારા વિવિધ કાર્યક્રમો તૈયાર કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુ પાર્ટીના વરિષ્ઠ નેતાઓ પણ ખૂબ જ ઉત્સાહમાં દેખાઈ રહ્યા છે. મોદી જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લેનાર છે. ભચાઉ ખાતે થનાર કાર્યક્રમમાં આહીરો, ભરવાડો સહિતના વિખ્યાત રાસમંડળો પરંપરાગત વેશભૂષામાં પરિધાન સાથે કળા દર્શાવશે. તમામ પ્રકારના આયોજન માટે ભચાઉ ખાતે તૈયારી શરૂ થઈ ચુકી છે.આગામી ૨૨ના જયારે દેશના વડાપ્રધાન કચ્છની મુલાકાતે આવી રહ્યા છે

● અનુસંધાન પાન-૭ પર

# કોંગ્રેસના પ્રભારી અશોક ગહેલોત ૨૪મીએ ગુજરાતમાં

અમદાવાદ, તા.૧૯

વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે કોંગ્રેસમાં જૂથવાદ સપાટી ઉપર આવ્યો છે જેથી પ્રદેશ કોંગ્રેસના પ્રભારી અશોક ગહેલોતે ડેમેજ કન્ટ્રોલની કવાયત હાથ ધરી છે. અશોક ગહેલોત આગામી ૨૪મીએ ગુજરાત આવશે અને કોંગ્રેસના અગ્રણીઓ સાથે ચર્ચા વિચારણા કરશે. અમદાવાદની ૧૬ બેઠકો માટે તેઓ દાવેદારો સાથે ચૂંટણીલક્ષી ચર્ચા કરશે તેમજ બે દિવસમાં ધારાસભ્યો, જિલ્લા નિરીક્ષકો, સંગઠનના હોદ્દેદારોને મળશે. વિધાનસભાની ચૂંટણી ટાણે જ પ્રદેશ કોંગ્રેસના બે દિગ્ગજ નેતાઓ રાજકીય હિસાબ પતાવવા મેદાને પડ્યા છે જેના લીધે પક્ષની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચી રહ્યું છે જેની હાઈકમાન્ડે ગંભીર નોંધ લીધી છે જેથી ગુજરાત કોંગ્રેસની વર્તમાન રાજકીય પરિસ્થિતિને થાળે પાડવા કવાયત હાથ ધરવામાં આવી છે.

**પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. હિમાલય ચક્રવર્તી**

સ્વ. તા. ૨૦/૫/૨૦૧૨

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावक ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

ચક્રવર્તી અનિલકુમાર જેઠાલાલ
(પૂર્વ સભ્ય, નગરપાલિકા, પાલનપુર)
ચક્રવર્તી જયશ્રીબેન અનિલકુમાર
ચક્રવર્તી પાર્થ અનિલકુમાર — ચક્રવર્તી હિરલ અનિલકુમાર
ચક્રવર્તી પ્રિયંકા અનિલકુમાર — ચક્રવર્તી જેઠાલાલ ભાણાભાઈ
ચક્રવર્તી મણીબેન જેઠાલાલ — ચક્રવર્તી પોલ્સન
ચર્કવર્તી આસીની
સરનામું : રામનિવાસ, કંથેરીયા હનુમાન રોડ, પાલનપુર
મો. : ૯૪૨૬૯ ૪૮૫૩૦


**Gujarat State Petronet Limited**
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office: GSPC Bhavan, Sector - 11, Gandhinagar - 382 010 Tel: +91-79-23268700
Fax: +91-79-23268506 Website: www.gspcgroup.com Email: investors.gspl@gspc.in

**NOTICE**

(For the attention of Equity Shareholders of the Company)

Notice is hereby given pursuant to the provisions of Section 124 of the Companies Act, 2013 read with the Investor Education and Protection Fund Authority (Accounting, Audit, Transfer and Refund) Rules, 2016 and the Investor Education and Protection Fund Authority (Accounting, Audit, Transfer and Refund) Amendment Rules, 2017 ("the Rules") notified by the Ministry of Corporate Affairs that the Company is required to transfer all the Shares in respect of which Dividend has not been paid or claimed by the Shareholders for seven consecutive years or more in the name of Investor Education and Protection Fund (IEPF).

In pursuance of the said Rules, the Company had communicated individually to the concerned shareholders whose shares are liable to be transferred to IEPF Suspense Account, for taking appropriate actions. The company has also uploaded full details of such shareholders on its website www.gspcgroup.com and had given notice in newspapers on December 3, 2016. Subsequent thereto, the Ministry of Corporate Affairs vide its Notification dated February 28, 2017 extended the time limit till 31st May, 2017 for transfer of shares to IEPF.

Accordingly further notice is hereby given to all such shareholders to make application to the Company/Registrar at the earliest with a request for claiming unpaid dividend for the financial year 2008-09 onwards [Investors may note that as mentioned in the newspaper notice given earlier, Company has already transferred the amount of unclaimed dividend for the FY 2008-09 to Investor Education and Protection Fund on 30th January, 2017 and Investors may contact Company/Registrar if they have any query on the process to claim the unclaimed dividend form IEPF] so that the shares are not transferred to the IEPF. **It may be noted that if no response or claim is received by the Company or the Registrar by 29th May, 2017, the company with a view to complying with the requirements set out in the Rules, will be constrained to transfer such shares to the IEPF authority without any further notice by following due process as enumerated in the Rules which is as under:**

- In case of shares held on physical form-by issuance of duplicate share certificate and thereafter transferring the same to IEPF Authority
- In case of shares held in demat mode-by transfer of shares directly to demat account of IEPF Authority with the help of Depository participants

The Shareholders may further note that the details uploaded by the Company on its website should be regarded and shall be deemed adequate notice to the concerned Shareholders in respect of the above. Concerned shareholders may note that both the unclaimed dividend and the shares transferred to IEPF Authority including all benefit accruing of such shares, if any, can be claimed back by them from IEPF Authority after following the procedure prescribed under the Rules. **Please note that no claim shall lie against the Company in respect of unclaimed Dividend amount and/or Shares transferred to IEPF Authority pursuant to the said Rules.**

In case the Shareholders have any queries on the subject matter and the Rules, they may write to the Company at its Corporate Office viz. GSPL Bhavan, E-18, GIDC Electronic Estate, Nr. K-7 Circle, Sector-26, Gandhinagar-382028 Tel.: 079-23268700 Fax No.: 079-23268506 Email: investors.gspl@gspc.in Website: www.gspcgroup.com or the Company's Registrar and Share Transfer Agent at M/s Karvy Computershare Private Limited, Karvy Selenium Tower B, Plot 31-32, Gachibowli, Financial District, Nanakramguda, Hyderabad – 500 032. Tel.: 040-67162222 Fax No.: 040-23001153 Email: einward.ris@karvy.com Website: www.karvycomputershare.com.

For Gujarat State Petronet Limited
sd/-
Reena Desai
Company Secretary

Place: Gandhinagar
Date: 19th May, 2017



**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com